# ચ -૦ પાસે ડાંગરની ગાંસડી ભરીને જતી આઈશર ટ્રક આગમાં લપેટાઈ





ગાંધીનગર, તા.૧૧

શહેરના ચ-૦ સર્કલ પાસે ગઈકાલે રાત્રીના સમયે ડાંગરનું ઘાસ ભરેલી આઈસર ટ્રકમાં અચાનક આગ ભભુકી ઉઠી હતી. રોડ વચ્ચે આગ લાગતા અન્ય વાહનચાલકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. જયારે ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. બનાવની જાણ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમે પાણીનો મારો ચલાવી આગ પર ભારે જહેમત બાદ કાબુ મેળવી લીધો હતો. જો કે આગની લપેટમાં ડાંગરની ૨૫૦ ઘાસડીઓ આવી ગઈ હતી. જયારે આગની જવાળાઓમાં ટ્રક પણ બળીને રાખ થઈ ગયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બાવળા થી ધણીયોલ ડાંગરના ઘાસની ૨૫૦ ઘાસડી ભરીને આઈશર ટ્રક નં. જી.જે.૧૮.બી.વી.૦૯૩૩ પસાર થઈ રહી હતી. તે દરમિયાન રાત્રીના સમયે ચ-૦ પાસે આઈશરમાં અચાનક સ્પાર્ક થતા આગ લાગી હતી. આગની જાણ થતા ડ્રાઈવર-કંડકટર આઈશરમાંથી નીચે ઉતરી ગયા હતા. જયારે ઘાસ હોવાથી ગણતરીની મીનીટોમાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું. માર્ગ પર આગના બનાવને પગલે વાહન ચાલકો પણ ઉભા રહી ગયા હતા. જયારે બનાવની જાણ થતા સબ ફાયર ઓફિસર કે.જે.ગઢવી ફાયર જવાનો સાથે સ્થળ પર પહોંચી હજ્જારો લીટર પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવી લેવાયો હતો. જો કે આગમાં રૂ.૨૫ હજારની કિંમતનું ડાંગરનું ઘાસ તેમજ આઈશર ટ્રક બળી જતા ભારે નુકશાન થયું છે. જયારે આગના ધુમાડાના ગોટેગોટા દુર દુર સુધી દેખાતા હતા. રોડ પર વાહનનો ખડકલો થઈ જતા ટ્રાફિક જામની પણ સમસ્યા સર્જાઈ હતી. જયારે આગને પગલે અન્ય વાહનચાલકોના જીવ પણ તાળવે ચોંટી ગયા હતા. જો કે આ બનાવમાં કોઈ જાનહાની થવા પામી ન હતી.

## ગુજરાતમાં અનેક ઠેકાણે આવકવેરા વિભાગના દરોડા

અમદાવાદ, તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીની તારીખ જાહેર થઈ ગઈ છે અને દરેક પાર્ટી પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી રહી છે ત્યારે ગુજરાતના અનેક શહેરોમાં આવકવેરા વિભાગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. ગુજરાતમાં રાજકોટ, ગાંધીધામ , ભુજમાં આવકવેરા વિભાગે દરોડા પાડ્યા છે. આ દરોડા ફાઈનાન્સ બ્રોકર અને રીયલ એસ્ટેટના ધંધાર્થીઓને ત્યાં પાડવામાં આવ્યા છે. આ દરોડામાં ૨૦૦થી વધુ અધિકારીઓનો કાફલો ત્રાટક્યો હતો.

મીઠાઈ, રિયલ એસ્ટેટ અને ફાઈનાન્સ સાથે સંકળાયેલા ખાવડા ગ્રુપના ભુજ, ગાંધીધામ, અંજાર સહિતના ૩૦થી વધુ સ્થળો પર આવકવેરા વિભાગે આજે સવારમાં જ કાર્યવાહી હાથ ધરી હતી. આવકવેરા વિભાગના દરોડાથી સમગ્ર રિયલ એસ્ટેટના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તેની સાથે જ ફાઈનાન્સ બ્રોકરોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલમાં ૩૦થી વધુ સ્થળો પર આવકવેરા વિભાગના દરોડા ચાલી રહ્યા છે.

## ચિલોડા પંથકમાં રવી સિઝનમાં બટાકાનું વિક્રમજનક વાવેતર



ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના મુખ્યત્વે ચિલોડા, જાખોરા, મગોડી, શિવપુરા કંપા, ઈસનપુર મોટા તથા દહેગામ તાલુકા, બાયડ તાલુકાના ગામોમાં રવી સિઝનમાં બટાકાની ખેતી વખણાય છે. આ પંથકમાં મોટાભાગે એલ.આર. લાલ રંગના વેફર્સના બટાકાની પસંદગી વધુ ખેડૂતો કરે છે. બટાકાની વાવણીમાં ખેતરમાં ત્રણ-ચાર ખેડ, નોટરી અને ખેતર ફળદ્રુપ બનાવી બટાકાનું મોઘુંદાટ બિયારણ, જંતુનાશક દવા, ખાતરનો ડોઝ શરૂઆતથી જરૂર પડે છે. આ સાથે ટેક્ટર દ્વારા વાવણીમાં બટાકાની કાપણી અને ડ્રીપ સિંચાઈ પદ્ધતિ દ્વારા ખેડૂતોએ ખર્ચ કરવુ અનિવાર્ય બને છે. આ સાથે પિયત તરીકે સિંચાઈની નળીઓ અને ઉઘાડ માટે દવાનો પટ, બિયારણને પણ દવાનો પટ આપી વાવેતર કરવા આતુર બન્યા છે.

## ખૂણેખાંચરેથી

● શિક્ષકોની આંતરિક બદલીની ઓનલાઈન અરજીઓ માંગ્યા પછી હવે તેની સ્ક્રુટીની અને અન્ય કામગીરી હાથ ધરવામાં આવી છે.

● ખર્ચ નિરીક્ષક નેગી અને સંતોષકુમારે આજે ખર્ચના નોડલ અધિકારી અને તેમની ટીમ સાથે વિસ્તૃત બેઠક યોજી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં ગરમીનો પારો ૩૬ ડિગ્રી નોંધાયો છે.

● ગાંધીનગર કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે. અને એસ.પી. દુગ્ગલે દહેગામ વિધાનસભાના ૨૫ જેટલા બુથોની મુલાકાત લઈ ચાલી રહેલી તૈયારીઓની સમીક્ષા કરી જરૂરી સૂચનાઓ આપી હતી.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોના પ્રિકોશન ડોઝ અભિયાનમાં આજે ૪૦ થી પણ ઓછા લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● કર્મયોગીભવનના ભોંયરાઓમાં ગંદકીના થર એટલા જામ્યા છે કે ત્યાંથી પસાર થતાં માણસે તેનુ નાક દબાવી અને શ્વાસ થંભાવી પસાર થવુ પડે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની ગટર ઉભરાઈ રહી છે અને દુર્ગંધનો માહોલ છવાયો છે.

● દહેગામ વિધાનસભાના ભાજપના ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણ ઝાંકના વડાવાળા મંદિરે આજે શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા.

● ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

● આજે ઈન્ટરનેશનલ યુનિવર્સલ હેલ્થ કવરેજ દિવસની ઉજવણી ''બિલ્ડ ધી વર્લ્ડ વી-વોન્ટ એ હેલ્ધી ફ્યુચર ફોર ઓલ'' થીમ પર ઉજવાશે. બે મહિના સુધી આ ઉજવણી કરવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લામાં ૨૪x૭ વિધાનસભાના જંગ માટે શરૂ કરાયેલ કોલ સેન્ટર હેલ્પલાઈન પર પાંચ જેટલી ફરિયાદો નોંધાઈ છે જે તમામનો નિકાલ કરાયો છે.

## સિવિલના ગેટ પાસે લારી-ગલ્લાના દબાણકારોના અડીંગા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા કેટલાક દિવસથી દબાણકારોનો રાફડો ફાટ્યો છે. રાત્રે ન વધતા દબાણ દિવસે ને દિવસે વધી જાય છે. ત્યારે ગેટ પાસે તેમજ અંદરની બાજુએ લારીઓના અડીંગા જમાવી દીધા છે. ત્યારે રાત્રીના સમયે પણ આ વિસ્તાર ધમધમતો હોય છે. ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો વિસ્તાર વધતો જાય છે.

સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલ બનવાની કામગીરી પુરજોશમાં ચાલુ છે. જેથી પતરાની આડશ કરવામાં આવી છે. તો બીજીતરફ હાલ દર્દીઓનો ધસારો ઓપીડી તેમજ ઈન્ડોર વિભાગમાં હોવાથી આવન-જાવન કરતા નાગરીકો પણ વધુ છે. ત્યારે પાર્કિંગની સમસ્યા તો સિવિલ કેમ્પસમાં છે. જયારે હવે સિવિલના ગેટની બંન્ને બાજુએ લારી ગલ્લાવાળાઓ તેમજ પથારા પાથરી બેસી જતા નાના વેપારીઓને લઈ ટ્રાફિક ની સમસ્યા વકરે તો નવાઈ નહી. સિવિલ કેમ્પસમાં દબાણ વધતા જાય છે તેમ છતા તંત્રના ધ્યાને દબાણ કયારે આવે છે તે જોવુ રહ્યું.

## સુઘડના વૃધ્ધા સાથે ઈલેક્ટ્રીક બિલના નામે રૂ.૧.૪૪ લાખની છેતરપિંડી

**કવીક સપોર્ટ એપ ડાઉનલોડ કરાવી, તેમાં રૂ.૧૦ ટ્રાન્સફર કરતા જ એકાઉન્ટમાંથી રૂપીયા ઉપડી ગયા, અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાયો**

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના સુઘડ સ્થિત શિખર બંગ્લોઝ ખાતે રહેતા વૃધ્ધા સાથે ઈલેક્ટ્રીક બીલના નામે રૂ.૧.૪૪ લાખની છેતરપિંડી થવા પામી છે. યુજીવીસીએલના કર્મચારી તરીકે ખોટી ઓળખ આપી ઠગે ઓનલાઈન લીંક મોકલી આપી હતી. જેથી ગઠીયાએ બેંક ઓફ ઈન્ડીયાના એકાઉન્ટમાંથી રૂ.૧.૪૪ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરી વૃધ્ધાને ચુનો ચોપડ્યો છે. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સુઘડ શિખર બંગ્લોઝમાં રહેતા કુસુમબેન દામોદરભાઈ ગોપલાનીના મોબાઈલ નંબર પર ગત તા.૨૧ ઓકટોબરના રોજ સવારના સમયે અજાણ્યા નંબર પર થી વોટસએપ મેસેજ આવ્યો હતો. તેમાં લખ્યુ હતુ કે તમારૂ ઈલેક્ટ્રીક બિલ અપડેટ થયુ નથી.

જેથી તમારા ઘરની ઈલેક્ટ્રીક લાઈન રાત્રીના સમયે કટ થઈ જશે. કુસુમબેને લાઈટ કપાઈ જવાના ડરથી તાત્કાલીક તે નંબર પર કોલ કરીને લાઈટ બીલ ભર્યુ હોવાની વાત કરી હતી.ત્યારે યુજીવીસીએલના અધિકારી બોલતા હોવાનું કહી સામેવાળા ઠગે બીલ ભરવા અંગે વાત શરુ કરી કવીક સપોર્ટ એપ ડાઉનલોડ કરાવી હતી. ત્યારબાદ રૂ.૧૦ ટ્રાન્સફર કરવાનું જણાવ્યું હતું. જેથી કુસુમબેને રૂ.૧૦ ટ્રાન્સફર કરતા તેમના મોબાઈલ પર એક ઓટીપી નંબર આવ્યો હતો.ત્યારપછી ગણતરીની મીનીટોમાં તેમના એકાઉન્ટમાંથી રૂ.૧,૪૪,૬૨૯ જતા રહ્યા હતા. ત્યારે માસ્ટર માઈન્ડ ઠગ કળા કરી ગયો હોવાની જાણ કુસુમબેનને થઈ હતી. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે કુસુમબેને ઠગ સામે રૂ.૧.૪૪ લાખની છેતરપિંડી અંગે ગુનો નોંધાયો છે. તાજેતરમાં કોબા ગામે પણ મહિલા સાથે ઈલેક્ટ્રીક બિલના નામે ૫૦ હજારની છેતરપિંડી થઈ હતી.ત્યારે ઠગ ટોળકીએ વધુ એક મહિલા સાથે છેતરપિંડી આચરી છે. જયારે તંત્ર દ્વારા પણ ઠગ વ્યકતિઓથી સાવધાન રહેવા માટે જણાવાયું છે.

## નાના ચિલોડા વિસ્તારમાં લુંટ મચાવનાર ટોળકીના વધુ બે સભ્ય ઝડપાયા



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર નજીક રણાસણ સર્કલ અને નાના ચિલોડા હાઈ-વે વિસ્તારમાં લુંટ ચલાવતી ટોળકીના એક સભ્ય ડભોડા પોલીસે પકડી પાડી ૬ ગુનાનો ભેદ ઉકેલી દીધો છે. ત્યારે પોલીસે આ લુંટારૂ ટોળકીના વધુ બે શખ્સોને રીક્ષા સાથે પકડી પાડી સઘન પુછતાછ કરતા વધુ ગુનાનો ભેદ ઉકેલાય તેવી શકયતાઓ છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ચિલોડા-નરોડા હાઈ વે માર્ગ પર એક પછી એક લુંટના બનાવ સામે આવતા હતા. જેથી ડભોડા પોલીસે તપાસ તેજ કરી હતી. જેમાં દિવાળી પહેલા લુંટની ઘટનામાં સીસીટીવી ફુટેજ તેમજ ટેકનીકલ સર્વેલન્સના પગલે આ ટોળકીના સભ્યો નરોડના વિસ્તારના હોય તેમ લાગી રહ્યું હતું. ડભોડા થી નરોડા તરફ જતા લુંટના આરોપીઓ કેમેરામાં કેદ થયા હતા. રણાસણ સર્કલ નજીક બે પિતરાઈ ભાઈઓ પસાર થઈ રહ્યા હતા. તે સમયે તેમના પર લુંટના ઈરાદે છરી વડે હુમલો કરાયો હતો. જયારે બીજીતરફ આ ઘટનાના ગણતરીના કલાકોમાં જ નરોડા-ચિલોડા માર્ગ પર બંધ પડેલી આઈશર ટ્રકના ડ્રાઈવર એકટીવા અને બાઈક પર આવેલા છ જેટલા શખ્સોએ લુંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. જયારે લુંટની ટોળકીનો સભ્ય મોબાઈલ વેચવા માટે ફરી રહ્યો હોવાની બાતમી મળી હતી. જેથી પોલીસે રણાસણ સર્કલ નજીક થી સચિન ઉર્ફે પકોડી વ્રજલાલ કાશીરામ પ્રજાપતિ (રહે. એ-૮-૧૦૩ સ્વામીનારાયણ પાર્ક નરોડા) ને પકડી પાડ્યો હતો. પોલીસને તેની પાસેથી ચાર મોબાઈલ, રોકડ, અને ભોગ બનેલા રાજુભાઈનું આધારકાર્ડ મળી આવ્યું હતું. પોલીસે લાલ આંખ કરતા જ સચિને કબુલાત કરી હતી કે તેના મિત્રો અનિકેત ઉર્ફે બલ્યો, અર્જુન ઉર્ફે મુન્ના માઈકલ, દિપેશ રાજેશ યાદવ, વિશાલ ઈન્દ્રપાલ યાદવ તેમજ કાલુએ સાથે મળી આઈસર ટ્રક ચાલકને લુંટી લીધો હતો. જયારે રોકી ભુપેન્દ્રસિંહ ચૌહાણ, છોટુ રીક્ષાવાળો અને અન્ય બે સભ્યો સાથે મળી ટ્રક ચાલકને છરી મારી લુંટ ચલાવી હતી. તે ઉપરાંત લીમ્બડીયા પાસે પણ ટ્રક ચાલકને લુંટી લીધો હતો. ત્યારે આ ટોળકીના રોકી ઉર્ફે ભુપેન્દ્રસિંહ ચૌહાણ (રહે. સી-૨૦૫ પારંતી સરકારી આવાસ યોજના નિકોલ), અજીત ઉર્ફે છોટુ કુંવરસિંહ દોહરે (રહે. અમરાજીનગર ગલી મેઘાણીનગર)ની રીક્ષા સાથે ધરપકડ કરવામાં આવી છે. ત્યારે પકડાયેલા શખ્સોની પુછપરછ બાદ વધુ ગુનાના ભેદ ઉકેલાય તેવી શક્યતાઓ રહેલી છે.

## સે.૨૨માં શ્રેયસ સોસાયટી ખાતે વિશેષ યોગ સભા યોજાઈ



ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરની મહિલા પતંજલિ યોગ સમિતિ દ્વારા આજે સેકટર-૨૨માં શ્રેયસ સોસાયટીના ગાર્ડન ખાતે વિશેષ યોગ સભાનું આયોજન કરવામાં અ?ાવ્યું હતું જેમાં વૈદિક યજ્ઞ, યોગ અભ્યાસની સાથે સાથે મહિલા પતંજલિ યોગ સમિતિના દેવપ્રિયા દીદીના આગમન નિમિત્તે યોજનાર બેઠક માટે સમગ્ર ગાંધીનગર યોગ પરિવારને સમિતિના રાજ્ય પ્રભારી સોનિકા દીદી દ્વારા આમંત્રિત કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત કાર્યક્રમમાં ગાંધીનગર જિલ્લા રાજ્ય કાર્યકારીણી ઈલાક્ષીબેન, રાજ્ય યજ્ઞ પ્રભારી નેહાબહેન અને અમદાવાદ જિલ્લા મહિલા પ્રભારી બીનાબહેન ઉપસ્થિત રહ્યાં હતા. ગાંધીનગરના પતંજલિ યોગ પરિવાર તરફથી આયોજન બદલ તમામ કર્મઠ કાર્યકર્તાઓનો સમિતિના જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય ડો.કાનજીભાઈ બાવરી અને મહિલા પતંજલિ યોગ સમિતિ જિલ્લા અધ્યક્ષ ડો. નેહલ દેસાઈએ આભાર વ્યક્ત કર્યો હતો.



જ્યોતિ મહિલા મંડળના સ્થાપક પ્રમુખ લતાબેન ચોકસીનું અવસાન થતાં રાધાકૃષ્ણ મંડળ, સેક્ટર-૫-એ દ્વારા હૃદયાંજલીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ અવસરે નગરની મહિલા સામાજિક સેવાકીય સંસ્થાઓના પ્રમુખ તથા હોદ્દેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગરની બેઠક માટે હજુ સુધી ભાજપે ઉમેદવારો જાહેર કર્યા નથી. ભાજપે ઉમેદવાર પસંદગી પહેલા જનતાના અભિપ્રાય લેવાનુ નક્કી કરતા સેક્ટર-૫-એ ખાતે ભાજપના કાર્યકરો ઘેર ઘેર ફર્યા હતા. વોર્ડ નં. ૮ ના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદીએ કાર્યકરો સાથે મળીને સંકલ્પપત્રો મેળવ્યા હતા.

## યુકો બેંક દ્વારા સાયબર ક્રાઈમના ગુનાથી બચવા અંગે સેમિનાર યોજાયો



ચિલોડા, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના મહુન્દ્રા ગામે યુકો બેંક દ્વારા યુવાનોને તથા અન્ય નાગરિકોને સાયબર ક્રાઈમથી બચવા તેમજ પોતાના અંગત પુરાવા સલામત રીતે સાચવવા તે વિશે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં ગામના સરપંચ, શિક્ષકો તથા તલાટી કમ મંત્રી તથા જાગૃત ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## છાલા ગામે ચૌધરી વિલેજ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર,તા.૧૧

છાલા ગામે ૪૧ માં મો ચૌધરી વિલેજ ક્રિકેટ કપનું આયોજન થયેલ હતું જે તારીખ ૨૨ ૧૦ ૨૨ ના રોજ ઉદ્ઘાટન થયું હતું

જેમાં ૪૨ ટીમો એ ભાગ લીધો હતો અને તારીખ ૧૦ ૧૧ ૨૨ ના રોજ કપ પૂર્ણ થયેલ હતો જેમાં છાલા એ ટીમ વિજેતા બની હતી છાલા છ ટીમ જે ચોથી વાર ચેમ્પિયન બની હતી અને આ વિજય એ ત્રણવાર હેટ્રિક સાથે જીતવા નો વિજય હતો ચૌધરી વિલેજ ક્રિકેટ કપ જે સતત ચાલીસ વર્ષથી અવિરત રમાતો આવેલ છે અને જે અને જે આજુબાજુના ૫૦ જેટલા



ગામોમાં લોકપ્રિય ટુર્નામેન્ટ છે જે જોવા દરેક સમાજ ના દર્શકો આવતા હોય છે આ મેચ જોવા નો આનંદ પણ ખૂબ મોટી સંખ્યા માં દર્શકો એ લાભ લીધો હતો અને છાલા છ ટીમ ની જીત ને બિરદાવી હતી અને છાલા છ ટીમ વિજેતા બનતા સમસ્ત છાલા ગામ માં ખુશી ની લહેર પ્રસરી ગઈ હતી